



# સૂર્યા મરાઠી હત્યાકેસના આરોપી સતીશ મરાઠીની ઘાતકી હત્યા

**કાલુના** દારૂના અડ્ડા પાસે પ્રેમિકા સાથે ગાડીમાં બેઠો હતો ત્યારે ગાડી ઘેરી ગાડીમાં તોડફોડ પણ કરાઈ

**કાલિકા** માતાના મંદિર પાછળ મેદાનમાં દોડાવી દોડાવી ચપ્પુ, છરા અને ધારીયાના ઘા ઝીંકાયા

**હાથના** આંગળા કાપી એક પગ ચગદી નાંખ્યો

### ફાયરિંગની વાત અફવા હોવાની પોલીસે સ્પષ્ટતા કરી

બનાવની જાણ થતાં જ ડીસીપી રાજેશ પરમાર અને એસીપી એન. પી. ગોહિલ સહિત ભેસ્તાન પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ઘટના બાદ શહેરમાં ફાયરિંગ થયું હોવાની અફવા વાયરલ થઈ હતી, પરંતુ ડીસીપી રાજેશ પરમારે સ્પષ્ટતા કરી હતી કે કોઈ ફાયરિંગ થયું નથી. પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

### જેલમાંથી બદલાનું ષડયંત્ર રચાયાની ચર્ચા

આ હત્યા સૂર્યા મરાઠીની હત્યાનો બદલો લેવા માટે લાજપોર જેલમાંથી પ્લાન બનાવી આચરવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પોલીસ સૂર્યા મરાઠીના સાગરીત સફી તેમજ હાલ જેલમાં બંધ શિવા ટકલા, રાહુલ મંડલ અને પ્રવીણ રાઉતની ભૂમિકા શંકાના દાયરામાં રાખીને વિવિધ દિશાઓમાં તપાસ ચલાવી રહી છે.

સુરતઃ ભેસ્તાનમાં આવેલા સરસ્વતી આવાસના મેદાનમાં તેમજ કાલિકા માતાના મંદિર પાછળ બુધવારે બપોરે સૂર્યા મરાઠી હત્યાકેસમાં સંડોવાયેલા સતીશ ઉર્ફે સત્યા મરાઠીની ૪ થી ૫ અજાણ્યા ઇસમોએ ચપ્પુ, ગુપ્તી અને છરા જેવા ઘાતકી હથિયારો વડે કરપીણ હત્યા કરી દેતાં સમગ્ર શહેરમાં સનસનાટી મચી ગઈ છે. ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત ક્રાઇમ બ્રાન્ચનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં લાજપોર જેલમાંથી ગેંગવોરના ભાગરૂપે આખી હત્યાનું ષડયંત્ર રચાયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગોડાદરા સ્થિત રામરાજ્ય સોસાયટીમાં રહેતો 33 વર્ષીય સતીશ મરાઠા ઉર્ફે સત્યા સુરેશ ઘાગડે બપોરના સમયે પોતાની સ્વિફ્ટ કારમાં પ્રેમિકા સાથે ભેસ્તાન સરસ્વતી આવાસ પાસે આવેલા કાલુના દારૂના અડ્ડા પર ગયો હતો અને કારમાં બેસી બીયર પી રહ્યો હતો.

આ દરમિયાન કાર અને બાઇક પર ૫ થી ૬ જેટલા ઇસમો ધારદાર હથિયારો સાથે ધસી આવ્યા હતા. હુમલાખોરોને જોતાં જ સતીશે કાર અંદરથી લોક કરી દીધી હતી. હુમલાખોરોએ કાર પર હથિયારોના ઘા મારી તેને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો.આ દરમિયાન પોતાનો જીવ બચાવવા સતીશ કારમાંથી નીકળીને કાલુના દારૂના અડ્ડા પાછળ દોડ્યો હતો. જોકે, હુમલાખોરોએ તેનો પીછો કરી શ્રમિકોના ઝૂંપડાં વચ્ચે તેને ઘેરી લીધો હતો. ત્યાં હત્યારાઓએ ચપ્પુ, છરા અને ધારીયા વડે સતીશના માથા, પેટ, હાથ અને પગના ભાગે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. હુમલો એટલો ક્રૂર હતો કે સતીશના આંગળાના કટકા થઈ ગયા હતા અને એક પગનો ભાગ પણ વિચ્છેદ થઈ ગયો હતો. ઘટના બાદ હત્યારાઓ લોહીલુહાણ હાલતમાં હથિયારો સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયા હતા.

# DRIની રેડ બાદ બંધ કંપનીમાંથી ચાંદીની ચોરી

**સચિન** GIDC માં બંધ SEZ યુનિટને તસ્કરોએ નિશાન બનાવ્યું

સુરતઃ સચિન GIDC વિસ્તારમાં આવેલા SEZ (સ્પેશિયલ ઈકોનોમિક ઝોન)માં DRIના દરોડા બાદ બંધ પડેલી ફેક્ટરીને તસ્કરોએ નિશાન બનાવી હતી. અહીંથી તસ્કરો મશીનમાં પડેલી ૧.૫ કિલો ચાંદીની ડસ્ટ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧.૫૫ લાખની મત્તા ચોરીને ફરાર થઈ ગયા છે. આ અંગે કંપનીના ડાયરેક્ટરે સચિન GIDC પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાના વતની અને હાલ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભાયંદર વેસ્ટ ખાતે રહેતા કમલેશ ગજરાજ જૈન (ઉ.વ. ૪૮) સચિન GIDC SEZ યુનિટ નં. ૧૯ (પ્લોટ નં. ૨૨૨-એ, ત્રીજા માળે) 'જેનિશ ઇન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ' નામે કંપની ચલાવે છે. ગત તા. ૯ એપ્રિલ, ૨૦૨૬ ના કંપનીમાં DRI વિભાગના અધિકારીઓએ કંપની પર રેડ કરી હતી. દરોડા દરમિયાન તપાસ અર્થે કોમ્પ્યુટર અને મહત્વના ડોક્યુમેન્ટ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીથી ડરી ગયેલા સંચાલકે મેનેજરને સૂચના આપી કંપની બંધ કરાવી દીધી હતી. તે સમયે જ્વેલરી બનાવતા મશીનમાં આશરે ૧.૫ કિલો ચાંદીની ડસ્ટ (રજ) પડી રહી હતી. ત્યાર બાદ DRI સમક્ષ પોતાનો જવાબ નોંધાવ્યા બાદ કમલેશ જૈન પોતાના મેનેજર સાથે કંપની પર પહોંચ્યા હતા. ત્યાં પહોંચીને જોતાં કંપનીની બહાર મારેલી ગ્રીલ અને દરવાજાના તાળા તૂટેલી હાલતમાં હતા. મશીન તપાસતા અંદર રહેલી ૧.૫ કિલો ચાંદીની ડસ્ટ (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦/-) અને એક કંપનીનો મોબાઈલ ફોન (કિંમત રૂ. ૫,૦૦૦/-) મળી કુલ રૂ. ૧,૫૫,૦૦૦/- ની મત્તા ગાયબ હતી.

## અમરોલીમાં શુગરની બીમારીથી કંટાળીને વૃદ્ધનો ઝેર પીને આપઘાત

સુરતઃ અમરોલીમાં શુગરની બીમારીથી કંટાળીને વૃદ્ધે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. અમરોલીના ઈન્દિરા માં રહેતા 59 વર્ષીય નિવૃત્ત ભરતભાઈ વિઠ્ઠલભાઈ ઓડ છેલ્લા ઘણા સમયથી શુગરની બીમારીથી પીડાતા હતા. આ બીમારીથી કંટાળીને ભરતભાઈએ રવિવારે સવારે ઘરમાં ઝેર પી લીધું હતું. જેથી તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તબીબોએ ડાયાલિસિસ સહિતની મોંઘી સારવારનો ખર્ચ બતાવ્યો હતો. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી પરિવારે તેમને સરકારી હોસ્પિટલમાં લઈ જવાનું વિચાર્યું હતું. પરંતુ પરિવારને ભરતભાઈની તબિયતમાં સુધારો લાગતાં કાલે સાંજે રજા લઈ ઘરે લઈ આવ્યા હતા. જોકે, ઘરે આવ્યા બાદ ભરતભાઈનું બ્લડપ્રેશર અચાનક લો થઈ જતાં તેઓ બેભાન થઈ જતાં તેમનું મોત થયું હતું.

# સરકાર બદલાતા કોલકાતાથી 16 લાખ તિરંગાનો ઓર્ડર મળ્યો

**દેશભરમાં** લહેરાશે સુરતમાં બનેલા તિરંગા

**ત્રણ** કરોડના ઓર્ડરથી ટેક્સટાઇલ બજારમાં તેજી

### સુરતના 30 ઉત્પાદક દેશભરના તિરંગા બનાવશે

સ્વતંત્રતા દિવસને પગલે આ વર્ષે સુરતને અંદાજે ત્રણ કરોડ તિરંગાના ઓર્ડર મળ્યા છે. તેના કારણે આશરે 100 કરોડથી વધુનો વેપાર થવાની શક્યતા છે. સુરતમાં 25થી 30 જેટલા એવા મુખ્ય ઉત્પાદકો કાર્યરત છે, જેઓ માત્ર રાષ્ટ્રધ્વજનાં ઉત્પાદન માટે વિશેષતા ધરાવે છે. દેશભરના સરકારી વિભાગો, શૈક્ષણિક સંસ્થાઓ અને હોલસેલ બજાર તરફથી મળતા મોટા ભાગના ઓર્ડર આ ઉત્પાદકો પાસે જ પહોંચે છે. વધતી માંગને પહોંચી વળવા માટે હાલ તેમની ઉત્પાદન એકમોમાં દિવસ-રાત કામગીરી ચાલી રહી છે.

- અરવિંદ લાહિયા, ડિરેક્ટર, ફોસ્ટા

સુરતઃ સ્વતંત્રતા દિવસને હવે માત્ર 10 દિવસ બાકી રહેતાં સુરતના ટેક્સટાઇલ માર્કેટમાં તિરંગાનાં ઉત્પાદન અને સપ્લાયને લઈને ભારે ચહલપહલ જોવા મળી રહી છે. શહેરના સરકારી વિભાગો, શૈક્ષણિક સંસ્થાઓ અને હોલસેલ વેપારીઓ ઉપરાંત દેશના વિવિધ રાજ્યોમાંથી પણ મોટા પ્રમાણમાં ઓર્ડર મળી રહ્યા છે. અત્યાર સુધી સુરતના ઉત્પાદકોને 3 કરોડથી વધુના ઓર્ડર મળ્યા છે. જેમાં સૌથી ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે, પશ્ચિમ બંગાળમાં સરકાર બદલાયા બાદ પહેલીવાર કોલકાતાથી અંદાજે 16 લાખ તિરંગાનો ઓર્ડર મળ્યો છે.

અત્યાર સુધી સુરતના ઉત્પાદકોને 3 કરોડથી વધુના તિરંગાના ઓર્ડર મળી ચૂક્યા છે અને આગામી દિવસોમાં તેમાં વધુ વધારો થવાની શક્યતા છે. સુરતમાં તૈયાર થતા તિરંગા દેશના વિવિધ રાજ્યોમાં મોકલવામાં આવશે, જેના કારણે સ્થાનિક ટેક્સટાઈલ ઉદ્યોગને પણ સારો વેપાર મળી રહ્યો છે. ઓર્ડરના ટ્રેન્ડ પર નજર કરીએ તો અંદાજે 90થી 95 ટકા માંગ બે ચોક્કસ સાઈઝમાં કેન્દ્રિત છે. તેમાં સૌથી વધુ આશરે 80 ટકા ઓર્ડર 20x30 ઈંચના તિરંગાના મળી રહ્યા છે, જ્યારે બીજા ક્રમે 6x9 ઈંચની નાની સાઈઝની માંગ છે. તેની સરખામણીએ મોટી સાઈઝના તિરંગાના ઓર્ડર ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં મળી રહ્યા છે. સ્વતંત્રતા દિવસ નજીક આવતાં આગામી એક સપ્તાહ દરમિયાન ઓર્ડરમાં વધુ વધારો થવાની વેપારીઓ આશા વ્યક્ત કરી રહ્યા છે. જેના કારણે સુરતના ટેક્સટાઈલ માર્કેટમાં આગામી દિવસોમાં ઉત્પાદન અને સપ્લાયની ગતિવિધિઓ વધુ તેજ બનવાની શક્યતા છે. આ વર્ષે ઈતિહાસમાં પહેલીવાર ક્ષમતા કરતાં અનેકગણા વધુ ઓર્ડર મળ્યા હોવાથી કેટલાક ગ્રાહકોને ના પાડવાની ફરજ પડી રહી છે

# ભાટપોરની ચિકન શોપમાં આગ ભડકી

સુરતઃ હજીરામાં ભાટપોર સ્થિત આવેલી એક ચિકન શોપમાં મોડી રાત્રે આગ લાગી હતી. બનાવનો કોલ ફાયર કંટ્રોલને મળતાં પાલનપુર ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચ્યો હતો.

સબ ફાયર ઓફિસર ભિમરાવ વાનખેડેના જણાવ્યા મુજબ કોલ તેમને રાત્રે 3:30 કલાકે મળ્યો હતો. ભાટપોર નજીક ઈચ્છાપોર પોલીસ સ્ટેશનની બાજુમાં મહોમ્મદ શમશેરભાઈની સેમ ચિકન નામની શોપમાં આગ લાગી હતી. જોકે, ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલાં હજીરા નોટિફાઈડ વિસ્તારની ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી અને આગને કાબૂ કરી લીધી હતી. આથી અમારી ફાયર બ્રિગેડની ટીમ પરત ફરી ગઈ હતી. જોકે, આ બનાવમાં કોઈને પણ ઈજા કે જાનહાનિ પહોંચી ન હોવાનું પણ ફાયર બ્રિગેડનાં સૂત્રોએ ઉમેર્યુ હતું.

## ઉધનામાં ચાલુ ફોને રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે શતાબ્દી ટ્રેનની અડફેટે યુવકનું મોત

સુરતઃ ઉધનામાં ચાલુ ફોને રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે શતાબ્દી ટ્રેનની અડફેટે આવતા ડિંડોલીના યુવકનું મોત થયું હતું. મૂળ ઉત્તરપ્રદેશ પ્રતાપગઢના વતની અને હાલ ડીંડોલી નવાગામ ફાટક પાસે પીપલ ચિલ્ડ્રન સ્કૂલ નજીક 32 વર્ષીય ધર્મેન્દ્રકુમાર ચંદનદાસ ગૌતમ રહેતો હતો અને કંપનીમાં કામ કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. આજે સવારે ધર્મેન્દ્રકુમાર નોકરીએ જવા નીકળ્યો હતો. તે દરમિયાન ધર્મેન્દ્રકુમાર મોબાઈલ પર વાતચીત કરતા કરતા ઉધના-ભેસ્તાન વચ્ચે રેલવે ટ્રેક પરથી પસાર થતો હતો. ત્યારે શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જતા તેનું ઘટનાસ્થળે મોત થયું હતું.

## એ.કે રોડ પર મગજની બીમારીથી કંટાળીને આધેડે ઝેર પીધું

સુરતઃ એ.કે રોડ પર મગજની બીમારીથી કંટાળીને આધેડે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના વતની જીવરાજભાઈ નાનજીભાઈ ઢેઢી (48 વર્ષ) હાલમાં અશ્વિનીકુમાર રોડ પર આવેલ લક્ષ્મીનારાયણ સોસાયટી વિભાગ-2માં પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત્ત જીવન વ્યતીત કરતા હતા. તેઓને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. જીવરાજભાઈ છેલ્લા 20 વર્ષથી મગજની બીમારીથી પીડાતા હતા. જેની દવા પણ ચાલુ હતી. જે બીમારીથી કંટાળીને મંગળવારે સાંજે જીવરાજભાઈએ ઘરમાં ઝેર પી લીધું હતું. પરિવારને ઘટનાની જાણ થતા તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે વધુ તપાસ અશ્વિનીકુમાર પોલીસ કરી રહી છે.

# કમેલા ખાડી પરના મેટ્રો રૂટ ઉપર પણ વિશાળ ગર્ડર લોન્ચ કરાયું

**ગર્ડરની** ખાસિયત એ છે કે તે 800 ટનના વજનનું છે અને 86 મીટર લાંબું છે

આટલા મોટા ગર્ડરને લોન્ચ કરવું એક પડકાર હતો, જે પુરો કરાયો



### હવે અહીં ગર્ડર લોન્ચ કરાશે

(1) કાદરશાની નાળ વિવેકાનંદ સર્કલ પાસે કામગીરી ચાલુ છે
(2) રઘુકુળ માર્કેટ પાસે એક ગર્ડર લોન્ચ કરાશે
(3) આંજણા ફાર્મ રેલવે ક્રોસિંગ પાસે ગર્ડર લોન્ચ કરાશે

સુરતઃ શહેરમાં આકાર લઈ રહેલા મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી તેની ગતિએ આગળ વધી રહી છે, જે અંતર્ગત એન્જિનિયરિંગ ક્ષેત્રે વધુ એક મોટી સફળતા મળી છે. ટેક્સટાઇલ માર્કેટ વિસ્તારમાં આવેલા કમેલા ખાડી પાસે બે પિલરની વચ્ચે એક અત્યંત વજનદાર અને વિશાળ ગર્ડર સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે. આ ગર્ડરની ખાસિયત એ છે કે તે આશરે 86 મીટર લાંબું છે અને તેનું વજન લગભગ 800 ટન જેટલું છે. કમેલા ખાડી જેવા પડકારજનક વિસ્તારમાં આટલું મોટું અને વજનદાર ગર્ડર બેસાડવું એ ટેક્નિકલ દૃષ્ટિએ ખૂબ જ જટિલ કામગીરી હતી, પરંતુ મેટ્રો એન્જિનિયરોની ટીમ દ્વારા તેને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.

# કડીવાળાને બદનામ કરવામાં સંજય ઈઝાવાની ધરપકડ

**નિવૃત્ત** નર્સિંગ અધિકારી ઈકબાલ કડીવાલાનો વીડિયો ફરતો કર્યો હતો

સુરત : નવી સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં નિવૃત્ત થયેલા નર્સિંગ એસોસિએશનના ભૂતપૂર્વ ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાને સોશિયલ મીડિયામાં ખોટી અને બદનામીકારક માહિતી પ્રસારિત કરી તેમની સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના કેસમાં ખટોદરા પોલીસે બુધવારે RTI એક્ટિવિસ્ટ સંજય ભાર્ગવભાઈ ઈઝાવા (રહે. લેકવ્યુ રો હાઉસ, પાલ) ની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સંજય ઈઝાવાએ પોતાના ફેસબુક એકાઉન્ટ Sanjay Ezhava, ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ sanjayezhava તેમજ યુટ્યુબ ચેનલ કાયદા કથા મારફતે ઈકબાલ કડીવાલા વિરુદ્ધ એડિટેડ વીડિયો, ઓડિયો ક્લિપ્સ, રીલ્સ અને આક્ષેપાત્મક પોસ્ટ્સ વાયરલ કરી હતી. ફરિયાદ અનુસાર, લાજપોર જેલમાં સ્ટાફ નર્સ બિપિન મેકવાન સાથે બનેલી ઘટનામાં કડીવાલાનો કોઈ સંબંધ ન હોવા છતાં તેમનો અવાજ હોવાનું દર્શાવતી ઓડિયો ક્લિપ્સ વાયરલ કરી તેમને વિવાદમાં ખેંચવાનો પ્રયાસ કરાયો હતો.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે મહિલા કર્મચારીઓની કથિત સતામણી અંગે અગાઉ આંતરિક ફરિયાદ સમિતિ (ICC), આરોગ્ય વિભાગ અને ખટોદરા પોલીસે તપાસ કરી તમામ આક્ષેપો પાયાવિહોણા હોવાનું નોંધતાં કેસો દફ્તરે કરવામાં આવ્યા હતા. તેમ છતાં સંજય ઈઝાવાએ પ્રેસ કોન્ફરન્સ યોજી, પીડિતાનું નામ બદલી રજૂઆત કરી તેમજ મહિલાઓના કાર્ટૂન ફોટા અને ભ્રામક લખાણો સાથે સોશિયલ મીડિયામાં રીલ્સ વાયરલ કરી કડીવાલાની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

# કુટણખાનું ચલાવતા AAPના નેતાના ભાઈ અને બહેન સહિત ૬ ઝડપાયા

**વોટ્સએપ** પર ફોટા મોકલી ગ્રાહકોને બોલાવાતા હતા, બે પીડિતાઓને મુક્ત કરાવાઈ

સુરત : લસકાણા પોલીસે પાસોદરા સ્થિત હોમ ટાઉનશિપ-૪ ના એક ફ્લેટમાં આમ આદમી પાર્ટીના સ્થાનિક નેતા વિશાલ ચાવડાના સગા ભાઈ અને બહેન કુટણખાનું ચલાવતા રંગેહાથ ઝડપી પાડ્યા છે.

મળતી માહિતી મુજબ, લસકાણા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે પાસોદરા ખાતે આવેલી હોમ ટાઉનશિપ-4 ના બિલ્ડિંગ A ના ફ્લેટ નંબર G-4 માં ગેરકાયદેસર રીતે દેહવ્યાપારનો અડ્ડો ચલાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે લસકાણા પોલીસની ટીમે અચાનક દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે કુટણખાનું ચલાવતા અને આપ (AAP) ના વિશાલ ચાવડાના સગા ભાઈ કાળુભાઈ ભીખાભાઈ ચાવડા તેમજ બહેન જાગૃતિ ઉર્ફે ક્રિષ્ના સતીશ રાજપરાને પકડી પાડ્યા હતા.

પોલીસ દરોડા દરમિયાન કૂટણખાનાનું સંચાલન કરતી પૂજા ઉર્ફે પૂનમ હિરાણી અને ત્રણ ગ્રાહકો પણ સ્થળ પરથી દબોચાઈ ગયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ સમગ્ર કૂટણખાનાનું નેટવર્ક વોટ્સએપ મારફતે ચલાવવામાં આવતું હતું. સંચાલકો ગ્રાહકોને વોટ્સએપ પર મહિલાઓના ફોટા મોકલતા હતા અને ત્યારબાદ પસંદગી થતાં ફ્લેટનું લોકેશન આપી ત્યાં બોલાવતા હતા. પોલીસે ફ્લેટમાંથી બે ભારતીય મહિલાઓને મુક્ત કરાવી હતી. મુક્ત કરાયેલી મહિલાઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે સંચાલકો ગ્રાહક દીઠ 1 હજાર વસૂલતા હતા અને તેમાંથી મહિલાઓને 500 ચૂકવવામાં આવતા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ, મોબાઈલ ફોન તથા અન્ય શંકાસ્પદ વસ્તુઓ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

# સગીર પર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્યના કેસમાં રત્નકલાકારને ૨૦ વર્ષની કેદ

**આરોપીએ** વિડીયો ઉતારી ફેસબુક મેસેન્જરમાં મોકલી આખા પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી

**મંદિરમાં** કામ કરવાના બહાને લઈ જઈ આરોપીએ વારંવાર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું

સુરતઃ ૧૬ વર્ષના સગીર સાથે સૃષ્ટિ વિરુદ્ધનું વારંવાર કૃત્ય કરી વિડીયો બનાવી ફેસબુક મેસેન્જરમાં મોકલી આખા પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપવાના ગંભીર ગુનામાં આરોપી રત્નકલાકાર રાહુલ ધીરજભાઈ સોલંકીને સ્પેશિયલ પોક્સો કોર્ટે ૨૦ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો. તેમજ ભોગ બનનારને ગુજરાત ભોગ બનનાર વળતર યોજના હેઠળ રૂ.7 લાખ પૂરાનું વળતર ચૂકવવાની ભલામણ કરી હતી.

આ કેસની વિગત મુજબ ફરિયાદીનો ભોગ બનનાર સગીર વયના દીકરાને આરોપી રાહુલે મંદિરના કામે લઈ જવાના બહાને જહાંગીરપુરાના મકાનમાં લઈ જઈ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું અને મોબાઈલમાં વિડીયો ઉતારી તે વિડીયો ફેસબુક આઈ.ડી.ના ફેસબુક મેસેન્જરમાં મોકલી 'જો તું આ વાતની જાણ તારા પિતાને કે કોઈને કરીશ તો હું તને અને તારા આખા પરિવારને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. ત્યારબાદ ૩-૪ મહિના ફરીવાર નોકરી અપાવવાના બહાને ફરિયાદી તથા તેમના ભોગ બનનાર દીકરાને વેડ રોડ પંડોળ ખાતે લઈ જઈ ફરિયાદી પિતાને ત્યાં ઊભો રાખી ફરિયાદીના દીકરાને કારખાનાના ખાલી મકાનમાં બીજા માળે લઈ ગયો હતો. જ્યાં ફરિયાદીના દીકરાને કપડાં ઉતારવાનું કહેતાં ભોગ બનનાર ત્યાંથી ભાગવા લાગતાં આરોપીએ પકડી લઈ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય વારંવાર કર્યું હતું. પોતાની સાથે બનેલી ઘટનાને પગલે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે ચોક પોલીસે આરોપી વિરુદ્ધ ઈ.પી.કો.કલમ-૩૭૭, ૫૦૬(૨) તથા ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન સેક્સ્યુલ ઓફેન્સ એક્ટ-૨૦૧૨ની કલમ-૩ (એ)ના ભંગ બદલ કલમ-૪, ૫(એલ)ના ભંગ બદલ કલમ-૬ તથા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (એમેડમેન્ટ) એક્ટ, ૨૦૦૮ની કલમ-૬૬(ઈ) મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે એફએસએલ રિપોર્ટ, ઓડિયો-વિડીયો ક્લિપ, મેડિકલ પુરાવા અને સાક્ષીઓની જુબાની રજૂ કરવામાં આવી હતી. તમામ રજૂઆત પુરાવાને ધ્યાને રાખી પોક્સો કોર્ટે આરોપી રત્નકલાકારને ૨૦ વર્ષની કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

# સંક્ષિપ્ત સમાચાર

## શ્રી માહેશ્વરી મહિલા મંડળના બેદિવસીય 'સંગિની મેળા'નો બુધવારે પ્રારંભ થયો

સુરતઃ શ્રી માહેશ્વરી મહિલા મંડળ દ્વારા દર વર્ષે કરાતું 'સંગિની મેળા'નું આયોજન આ વર્ષે પણ કરવામાં આવ્યું છે. સિટીલાઈટ રોડના માહેશ્વરી ભવનમાં કરાયેલા આ બેદિવસીય આયોજનનો આજે બુધવારથી પ્રારંભ થયો હતો. જે કાલે પણ ચાલુ રહેશે. જેમાં ૧૦૦થી વધુ સ્ટોલો વિવિધ શહેરોમાંથી આવેલા વેપારીઓ અને મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા લગાવવામાં આવ્યા છે. આ વર્ષે આ મેળામાં ભગવાનના પોશાક, રાખડીઓ, સાડીઓ, વેસ્ટર્ન ડ્રેસ, કપડાં, નવરાત્રિના ચણિયાચોળી, ઈમિટેશન જ્વેલરી, હોમ ડેકોર, બાળકોના ડ્રેસ, કાર્પેટ સહિત અનેક આકર્ષક વસ્તુઓ ઉપલબ્ધ છે. સુરત ઉપરાંત અન્ય શહેરોમાંથી પણ સ્ટાલધારકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. મંડળ દ્વારા જરૂરિયાતમંદ મહિલાઓને સ્વરોજગાર માટે કેટલીક સ્ટાલો પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શ્રી માહેશ્વરી મહિલા મંડળના અધ્યક્ષ જયશ્રી ભરાડિયાએ જણાવ્યું હતું કે, સંગિની મેળામાંથી પ્રાપ્ત થતી આવકનો એક ભાગ સમાજસેવાના કાર્યોમાં ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને જરૂરિયાતમંદ વિદ્યાર્થીની શાળાની ફી ભરી આપવામાં આવે છે.

## જી. ડી. ગોએન્કા સ્કૂલના વિદ્યાર્થીઓનું સ્વિમિંગ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન



સુરતઃ જી. ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ 15 જૂન, 2026ના રોજ વીર સાવરકર સ્વિમિંગ પૂલ ખાતે યોજાયેલી સુરત જિલ્લા મોટિવેશનલ સ્વિમિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ સ્પર્ધાનું આયોજન સુરત જિલ્લા એક્વાટિક એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું, શાળાના સ્વિમર્સે ફ્રીસ્ટાઇલ, બેકસ્ટ્રોક, બ્રેસ્ટસ્ટ્રોક અને બટરફ્લાય જેવી વિવિધ ઇવેન્ટ્સમાં ભાગ લઈ અનેક ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. શાળાના એકેડેમિક ડિરેક્ટર અને પ્રિન્સિપાલે તમામ વિજેતા તેમજ ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને તેમના કોચ તેમજ વાલીઓના સતત સહકારની પ્રશંસા કરી હતી.

## ભારતીય જૈન સંગઠન દ્વારા પ્રથમ વખત BJS બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન




સુરતઃ ભારતીય જૈન સંગઠના, સુરત દ્વારા વેસુ સ્થિત સી.બી. પટેલ ગ્રાઉન્ડ ખાતે પ્રથમ વખત BJS બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પુરુષોની 20, મહિલાઓની 4 અને કિડ્સની 4 ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પુરૂષ વર્ગમાં આશીર્વાદ રીયલ સ્ટેટ વિજેતા અને સંખલેચા સુપર કિંગ ઉપ વિજેતા બન્યા હતા. મહિલા વર્ગમાં VR Fighter તથા કિડ્સ વર્ગમાં Arihant Fighterએ વિજેતા ટ્રોફી જીતી હતી. મુખ્ય સંયોજક આઝાદ સંચેતી અને કિશોર ભણસાલીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો હતો. સંસ્થાના અધ્યક્ષ અજય અજમેરા સહિત આગેવાનોએ વિજેતાઓને ટ્રોફી અર્પણ કરી ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પરી કહારે પાવરલિફ્ટિંગ, ડેડલિફ્ટ અને બેંચ પ્રેસમાં પ્રથમ ક્રમ મેળવ્યો



સુરતઃ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ ખાતે ગત તા.2જી ઓગસ્ટના રોજ ગુજરાત સ્ટેટ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પરી કહારે ૪૦ કિલોમાં કેટેગરીમાં સબ જુનિયર વુમન કુલ પાવરલિફ્ટિંગમાં ૨૨.૫ કિગ્રા લિફ્ટ કરીને પ્રથમ ક્રમ, ડેડલિફ્ટમાં પણ ૭૦ કિલો લિફ્ટ કરી પ્રથમ ક્રમાંક અને બેંચ પ્રેસમાં ૨૨.૫ લિફ્ટ કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. પરી કહારે પ્રથમ ક્રમ મેળવીને સુરતના કહાર માછી સમાજનું નામ રોશન કર્યું છે.

## આજ્ઞાપાલનના એકડા વિનાના ધર્મોનું મૂલ્ય ઝાઝું નથી: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, સત્સંગ એ ગેટ વે ઓફ સર્વસિદ્ધિ છે. જીવનનાં કોઇ પણ ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરવા માટે સત્સંગ એ પાયાની ઈંટ સમાન છે. પ્રભુની શક્ય તેટલી આજ્ઞાનું પાલન કરવું અને અશક્ય હોય તે માટે કટ્ટર પક્ષપાત હોવો જોઇએ. પ્રભુની આજ્ઞાનું પાલન તે એકડો છે, ગમે તેટલી આરાધના, સાધના, તપ, દાન વગેરે ધર્મો તમારી પાસે હોય તે બધા મીંડા સમાન છે. આજ્ઞાપાલનના એકડા વિનાના ધર્મોનું મૂલ્ય ઝાઝું નથી. સત્સંગ જીવનનાં નકશા બદલી નાંખવા સમર્થ છે. કુસંગના કોબ્રાએ ભલભલાના જીવનને ઝેર બનાવવાનું કામ કર્યું છે. હોટલો, હિલસ્ટેશનો અને કુમિત્રોએ કુટુંબ, પરિવાર, સમાજ અને દેશમાં હાહાકાર મચાવ્યો છે.

## યુવા રાણા સમાજ ટ્રસ્ટી મંડળના નવા હોદ્દેદારો વરાયા



સુરતઃ યુવા રાણા સમાજની ટ્રસ્ટી મંડળની બેઠક દરમિયાન સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ અને મહામંત્રીની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી. ટ્રસ્ટી મંડળીના નિર્ણય મુજબ હિતેન્દ્ર મનોજકુમાર રાણાની પ્રમુખ તરીકે જ્યારે ગણેશ લક્ષ્મીચંદ રાણાની મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આગામી તા. 15 ઓગસ્ટ, 2026 ના રોજ યોજાનારી વાર્ષિક સામાન્ય સભા તેમજ ઇનામ વિતરણ કાર્યક્રમ દરમિયાન નવનિયુક્ત ટીમ વિધિવત રીતે કાર્યભાર સંભાળશે.

## 500 ખેલાડીઓની ભાગીદારી સાથે એકલ શ્રીહરિ શતરંજ સ્પર્ધા સંપન્ન



સુરતઃ એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટ, સુરત યુવા સમિતિ દ્વારા સિટી લાઇટ સ્થિત અગ્રસેન પેલેસના પંચવટી હોલમાં શતરંજ (ચેસ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશમાંથી 500 ખેલાડીઓએ ભાગ લીધો હતો. મુંબઈથી આવેલા ચેસ ગ્રાન્ડમાસ્ટર શ્રીરામ ઝાની વિશેષ ઉપસ્થિતિ સ્પર્ધાનું મુખ્ય આકર્ષણ બની હતી. દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો શુભારંભ થયો હતો, જેમાં શ્યામસુંદર અગ્રવાલ, શિવકુમાર અગ્રવાલ અને અશોક જીરાવાળા ઉપસ્થિત રહ્યા હતા. અનેક રાઉન્ડ બાદ રમાયેલી ફાઇનલમાં અનુજ શ્રીવત્રી વિજેતા બન્યા હતા. વિવિધ ગ્રુપના વિજેતાઓને કુલ રૂ. 5 લાખના રોકડ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. પુરસ્કાર વિતરણ સમારોહમાં સંદીપ શાહ, જયપ્રકાશ સોની, ઉમેશ અગ્રવાલ અને ખેમાનંદ સાપકોટાએ વિજેતાઓને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કર્યા હતા. કાર્યક્રમના સંયોજક એડવોકેટ સોનલ તિવારી સહિત સંસ્થાના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.